રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

==========

- અખબારી યાદી -

આજી-૧ ડેમમાં નર્મદા નીરની આવકથી જળ સપાટી ૨૪.૭૦ ફૂટે પહોંચી; શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અંગે લોકો નિશ્ચિંત રહે : મ્યુનિ. કમિશનરશ્રી

તા.૧૬-૨-૨૦૧૯

ગુજરાત સરકારશ્રી "સૌની યોજના" હેઠળ રાજકોટના આજી-૧ ડેમમાં નર્મદા નીર ઠાલવવામાં આવતા અત્યારે ડેમની જળ સપાટી ૨૪.૭૫ ફૂટે પહોંચી ચુકી છે. આ સંજોગમાં રાજકોટ શહેરમાં આગામી દિવસોમાં નાગરિકોને વિનાઅવરોધ પીવાનું પાણી મળતું રહેશે અને શહેરની પાણી વિતરણ વ્યવસ્થા સતત મજબુત બની રહેશે, આ બાબતમાં લોકો નિશ્ચિંત રહે તેમ મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું.

મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ વિશેષમાં એમ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૩-૧-૨૦૧૯ ના રોજ નર્મદાના નીર છોડવાનું શરૂ કરાયા બાદ તા. ૫-૧-૨૦૧૯ ના રોજ નર્મદા નીરનું આજી-૧ જળાશયમાં આગમન થયું હતું. એ સમયે આજી-૧ ડેમની જળ સપાટી ૧૬.૧૪ ફૂટ હતી અને ડેમમાં કુલ જળ જથ્થો ૨૭૮ એમ.સી.એફ.ટી. હતો. નર્મદા નીરની આવક શરૂ થયા પછી તા. ૧૨-૨-૨૦૧૯ સુધી ડેમમાં નીર ઠલવાયા હતાં. આ સાથે જ ડેમની પાણીની સપાટી ૨૪.૭૦ ફૂટે પહોંચી હતી અને ડેમમાં કુલ જળ જથ્થો ૬૬૩.૫૦ એમ.સી.એફ.ટી. થયો છે. આમ આજી-૧ ડેમમાં નવું ૩૮૫ એમ.સી.એફ.ટી. નર્મદાનું પાણી ઉમેરાયું છે.

કમિશનરશ્રીએ શહેરના નાગરિકોને નિશ્ચિંત કરતા એમ કહ્યું હતું કે, રાજ્ય સરકારશ્રી દ્વારા શહેરને આવશ્યકતા મુજબ જરૂરી જળ જથ્થો મળતો જ રહે છે અને શહેરીજનોએ પીવાના પાણી બાબતે કશી જ ચિંતા કરવાની કોઈ જરૂર નથી. નર્મદાના નીરથી રાજકોટની પાણી વિતરણ વ્યવસ્થા પણ સતત મજબુત બની રહે છે.

(જન સંપર્ક અધિકારી)